ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૦.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૬ ટકા ● સાંજે ૧૮ ટકા

# ગાંધીનગરનો મત : મતદાન રાષ્ટ્રીય કર્તવ્ય છે

**લોકસભાની ચૂંટણી નજીકમાં છે ત્યારે રાજકીય પક્ષો પ્રજાનો બહુમત હાંસલ કરવા સજ્જ થઈ રહ્યા છે. પ્રજાએ ખોબલે મત આપી સત્તાનું સુકાન સોંપ્યા બાદ હવે આ નેતાઓ પાસે હિસાબ માંગવાનો સમય આવી ગયો છે ત્યારે પ્રત્યેક નાગરિક મતદાન કરવાની ફરજ અદા કરે તે પણ અનિવાર્ય છે. મતદાન કરવું એ પ્રત્યેક રાજયના નાગરિકની રાષ્ટ્રીય ફરજ છે તે વિશે સુજ્ઞ નગરજનોએ પોતાના વિચાર વ્યકત કર્યા છે.**

ગાંધીનગર, તા.૨૯



**● ચેતના બુચ**

લોકશાહી ધરાવતા દેશમાં જન્મ લીધો છે તે આપણું સદનીસબ છે. મતદાન એ પવિત્ર ફરજ છે. મતાધિકાર પ્રાપ્ત થાય ત્યારે યુવાધન ગૌરવ અનુભવે છે. પરંતુ અત્યારના સમયમાં મતદાનને પવિત્ર ફરજ ગણીને સમગ્ર ચૂંટણી પ્રક્રિયામાં જો લોકો સક્રિય પણે સામેલ થાય તો આ દેશને સાચી દિશા અને દશા મળી શકે. મતદાતાએ આખરે સર્વોપરી હોય છે અને સાચા અને સારા ઉમેદવારને નિષ્પક્ષ રીતે ચૂંટી કાઢવા માટે સંપૂર્ણ વિવેક બુધ્ધિથી મતદાન કરે ત્યારે એ મત એળે ન જાય તેની જવાબદારી પણ ઉમેદવારોની રહેલી છે. તેમનો મત એળે ન જાય અને વચનો પુરા કરનારા સાચા ઉમેદવારને ઓળખી મતદાનની પવિત્ર ફરજા અદા કરે તે ખૂબ જ અનિવાર્ય બન્યું છે.



**● ભરતભાઈ દેસાઈ**

ભારત લોકશાહી દેશોમાંનો છે અને ભારતના મતદારો પોતાની સુઝબુઝથી પોતાનો મત એ પવિત્ર ગણીને ઉમેદવારને ચુંટતા હોય છે. રાષ્ટ્રીય કર્તવ્ય એટલા માટે છે કે આજે આપણે કરેલું મતદાન આવનારા પાંચ વર્ષ માટે નિર્ણાયક હોય છે. ઉમેદવાર કોઈ પણ પ્રલોભન વગર પોતાનું કર્તવ્ય સમજીને ઉમેદવારને ચૂંટે છે એજ એની રાષ્ટ્રીય ભાવના છે ને પોતાનો મત એ અમુલ્ય છે અને પોતાનો અધિકાર છે અને રાષ્ટ્રના વિકાસમાં ફાળો છે. આવનાર પેઢી પણ આવું ઈચ્છીને મતદાનને પોતાનું કર્તવ્ય સમજી મતદાન કરે.



**● મનિષકુમાર પાથર**

આપણો દેશ દુનિયાનો સૌથી મોટો લોકશાહી દેશ છે. લોકશાહીમાં મતદાનનું મહત્વ છે અને મતદાન એ રાષ્ટ્રીય ફરજ છે જેના દ્વારા લોકો વડે, લોકો માટે અને લોકો દ્વારા ચાલતી સરકાર બને છે. મતદાન એ લોકશાહીનો આત્મા છે. આપણા એક મતની કિંમતને ઓછી આંકવી જોઈએ નહિ કારણ કે એક મત પણ કોઈ સારા વ્યકિતને ચૂંટવા માટે પુરતો હોય છે. મતદાન દ્વારા સારા ઉમેદવારને ચૂંટીને ભારતના વિકાસમાં ફાળો આપી શકીએ. કોઈ પણ લોભ લાલચમાં આવ્યા વગર મતદાન કરવું જોઈએ. મતદાન એ લોકશાહીનો મજબૂત આધાર સ્તંભ છે.



**● કાનન પટેલ**

મતદાન એ દેશના નાગરિકની મૂળભૂત ફરજ છે તેને આવતીકાલના ઉમેદવારને ચૂંટવાનો હક્ક આપે છે. મતદાન એ પાયાની પ્રક્રિયા છે જે દેશની સરકારને ચલાવે છે. મતદાન જરુરી છે. એક સારા લીડરને સત્તા પર લાવવા માટે દેશને દરેક રીતે ચલાવવા માટે આપણો દેશ સારી રીતે આગળ વધી પ્રગતિ કરી શકે તે માટે.



**● નિમિષા પટેલ**

આપણા એક જ વોટથી આપણા દેશનું ભવિષ્ય નક્કી થાય છે. જો આપણે ચાલનારી પેઢીઓ માટે કંઈક કરવું જ હોય તો આપણા અમુલ્યવોટ આપી દેશ માટે શદ્ધ અને મજબૂત સરકારને જ વોટ આપવો જોઈએ. દેશ માટે આટલું કરીએ તો પણ આપણું આ ભૂમિ પ્રત્યેનું ઋણ ચુકવાઈ જશે.



**● રોહિત રાવલ**

લોકશાહીમાં દરેક નાગરિક પોતાના દેશનો સૈનિક છે. મતદાન એ તેના હક્ક રૂપી હથિયાર છે અને આ હથિયારનો તે ઉપયોગ કરીને અહિંસક લડત આપે છે. પ્રત્યેક નાગરિકે મતદાનની પવિત્ર ફરજ અદા કરવી જોઈએ.

## આજે વિશ્વકર્મા એન્જીનીયરીંગ કોલેજના વિદ્યાર્થીઓની પર્યાવરણ જાગૃતિ માટે દોડ

ગાંધીનગર નજીકના ચાંદખેડા ખાતે વિશ્વકર્મા ગર્વમેન્ટ એન્જીનીયરીંગ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા તા. ૩૦મી માર્ચ શનિવારના રોજ સવારે ૬ કલાકે ૭ કિમીની 'રન ફોર ગ્રીન એન્વાયર્નમેન્ટ'નું આયોજન કરવામાં આવ્યું છે. આગામી જીટીયુ સેન્ટ્રલ ટેકફેસ્ટ ૨૦૧૯ના સંદર્ભે યોજવામાં આવેલી આ દોડના પ્રારંભે ઝુમ્બા પ્રેકટીસ તથા મતદાન જાગૃતિ માટે નુક્કડ નાટક યોજાશે. જેનું સંચાલન આર.જે. હર્ષિલ દ્વારા કરવામાં આવશે. 'રન ફોર ગ્રીન એન્વાર્યમેન્ટ'નો પ્રારંભ વિશ્વકર્મા કોલેજ કેમ્પસથી થશે અને નિયત રૂટ પર થઈને પરત કોલેજ કેમ્પસમાં તેનું સમાપન યોજાશે.

## સિવિલ કેમ્પસમાં જેનરીક દવાના સ્ટોરને રાત્રીના સમયે ખંભાતી તાળા

**પાટનગરવાસીઓને રાત્રે દવા લેવા માટે રઝળપાટ કરવી પડે છે**

ગાંધીનગર, તા.૨૯

પાટનગરમાં મેડીકલ કોલેજ બન્યા બાદ સિવિલ હોસ્પિટલમાં દર્દીઓનો વધારો થવા પામ્યો છે. રોજના હજ્જારો દર્દીઓ સારવાર લેવા માટે આવે છે. રાત દિવસ હોસ્પિટલ દર્દીઓથી ધમધમતી હોય છે. ત્યારે રાત્રીના સમયે આવતા દર્દીઓની હાલત કફોડી બની જવા પામે છે. જન ઔષધી સ્ટોર ચોવીસ કલાક ખુલ્લો રહેશે અને દર્દીઓને સસ્તા ભાવે સરળ દવા મળી રહેશે. પરંતુ કેટલીક દવાઓ તો જેનરીક સ્ટોરમાં મળતી નથી અને જે દવાઓ મળે છે તેમાં પણ રાત્રીના સમયે આ સ્ટોરને ખંભાતી તાળા લાગી જાય છે. રાત્રીના સમયે સ્ટોર બંધ રહેતા પાટનગર વાસીઓને દવા ખરીદી માટે રીતસરની રઝળપાટ કરવી પડે છે.

ગાંધીનગર સિવિલ કેમ્પસમાં રાત્રીના સમયે પહેલા એક સ્ટોર ખુલ્લો રહેતો હતો. જેથી દર્દીઓને જે તે દવા સરળતાથી મળી રહેતી હતી. પરંતુ જેનરીક સ્ટોર ૨૪ કલાક ખુલ્લો રહેશે અને તેમાં દવા સરળતાથી સસ્તી મળી રહેશે. પ્રારંભીક તબક્કે સિવિલ કેમ્પસમાં સ્ટોર ૨૪ કલાક ખુલ્લો રહેતો હતો. જેથી અન્ય મેડીકલ સ્ટોર ધારકોએ પોતાનો સ્ટોર બંધ કરી દીધા હતા. હવે સિવિલ કેમ્પસમાં જેનરીક સ્ટોરમાં લાલીયાવાડીનો પ્રારંભ થઈ ગયો છે. રાત્રીના સમયે સ્ટોર બંધ થઈ જતા રાત્રીના સમયે દવા ખરીદી માટે દર્દીઓના સગાઓની હાલત કફોડી બની જાય છે. દવા લેવા માટે રીતસરની રઝળપાટ કરવી પડે છે. જેનરીક સ્ટોરમાં મોટાભાગની દવાઓનો સ્ટોક તો હોતો નથી અને જે દવાઓ હોય છે તેમાં પણ બંધ કરીને જતા રહેતા દર્દીઓ અને સગાઓ હેરાન પરેશાન થઈ જાય છે. સિવિલ કેમ્પસમાં તાત્કાલીક સારવાર માટે દર્દીઓને લઈને આવતા સગાઓ દવા ખરીદી માટે જેનરીક સ્ટોરમાં જાય છે ત્યારે તેઓને ખંભાતી તાળા જોઈને પરત ફરવાનો વારો આવે છે. ત્યારબાદ દુર દુર સુધી અન્ય સેકટરમાં દવા ખરીદી માટે જવુ પડે છે. ત્યારે સિવિલ કેમ્પસમાં રાત્રીના સમયે દવાની એક દુકાન ખુલ્લી રાખવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

## આજે એનઆઈસીએમ કેમ્પસમાં રકતદાન શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરમાં તા. ૩૦મી માર્ચ શનિવારના રોજ ઈન્ફોસીટીના ગેટ નં. ૧ નજીક સ્થિત જયરામભાઈ પટેલ ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ-એનઆઈસીએમ કેમ્પસ ખાતે સવારે ૮ થી બપોરના ૧૨ કલાક દરમિયાન હેપ્પી યુથ કલબના સહયોગથી સ્વૈચ્છિક હેપ્પી રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. ભારતના વીર શહીદ જવાનોને શ્રધ્ધાંજલિ અર્પણ કરવા સાથે યુવાનોમાં રકતદાન જેવી સેવાકીય પ્રવૃત્તિ અંગે જાગૃતિ ફેલાય તેવા હેતુથી આયોજિત રકતદાન શિબિર સાથે વિના મૂલ્યે આંખની તપાસનો કેમ્પ પણ યોજાશે. રકતદાન કેમ્પમાં રકત એકત્ર કરવાની સેવા કલોલની ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી તથા આઈચેક અપ કેમ્પમાં આંખની તપાસ કરી આપવાની સેવા અમદાવાદની દિવા આઈ ઈન્સ્ટિટયુટ દ્વારા પુરી પાડવામાં આવશે. સંસ્થા દ્વારા રકતદાન કેમ્પમાં સામેલ થઈ રકતદાન કરનાર તમામ રકતદાતાઓને પ્રમાણપત્ર તથા શુભેચ્છા ભેટ આપી સન્માનવામાં આવશે. આ રકતદાન કેમ્પમાં ઉત્સાહપૂર્વક રકતદાન કરવા શહેરના રકતદાતાઓને આયોજકો તરફથી જાહેર અનુરોધ કરવામાં આવ્યો છે.



કડી સર્વ વિદ્યાલય સંચાલિત વી.પી.એમ.પી. પોલિટેકનીક કોલેજ ખાતે ફાઈનલ સેમેસ્ટરના વિદ્યાર્થીઓ દ્વારા દર વર્ષની જેમ સિવિલ, કમ્પ્યુટર, મિકેનિકલ અને ઈલેકટ્રીકલ ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓ દ્વારા ડેવલપમેન્ટ ઓફ વેલ પ્લાન્ડ સિટી ગાંધીનગર, રેઈન વોટર હાર્વેસ્ટીંગ જેવા વિષયો પર મોડલ બનાવી કોલેજ સમક્ષ પ્રસ્તુત કરવામાં આવ્યા હતા.

## @ગાંધીનગર

● સ્વર્ણિમ સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી દ્વારા સ્વર્ણિમ સ્ટાર્ટઅપ અધિગમ-૨૦૧૯ અંતર્ગત સાંસ્કૃતિક કાર્યક્રમો અને નવા સ્ટાર્ટ અપ વિચારો પ્રસ્તુત કરવા અંગેની સ્પર્ધાનું આયોજન સાંજે ૬ કલાકે અડાલજ સ્થિત સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી ખાતે કરવામાં આવેલ છે.

● સુંદરધામ પરિવાર દ્વારા સવારે ૯ કલાકે બાપુ આશ્રમ ખાતે સુંદરકાંડના પાઠ યોજાશે.

● ઈન્ફોસીટીના ગેટ નં. ૧ પાસે શ્રી જયરામભાઈ પટેલ ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ એનઆઈસીએમ કેમ્પસ ખાતે હેપ્પી યુથ કલબના સહયોગથી સવારે ૮ થી બપોરના ૧૨ કલાક દરમિયાન સ્વૈચ્છિક રકતદાન કેમ્પ યોજાશે.

## સ્વાસ્થ્ય ઉત્સવ સાંસ્કૃતિક કાર્યક્રમ રવિવારે યોજાશે

ગાંધીનગર, તા.૨૯

નેસર્ગિક સ્વાસ્થ્ય મંડળ ગાંધીનગર તથા વૈદીક પરિવાર અને લકુલેશ યોગ યુનિવર્સિટી ગાંધીનગર શાખા દ્વારા 'સ્વાસ્થ્ય ઉત્સવ' સાંસ્કૃતિક કાર્યક્રમ તા. ૩૧મી માર્ચના રવિવારે બપોરે ત્રણ કલાકે સ્ટાફ ટ્રેનીંગ ઈજનેરી કોલેજના ઓડીટોરીયમમાં સેકટર-૧૭ ચ-૫ કોર્નર ખાતે યોજાશે તેમ નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ ગાંધીનગરના પ્રમુખ વર્ષાબેન કે. દવેએ જણાવેલ છે.



જલારામ મહિલા મંડળ સે-૨૯ દ્વારા સે-૧૩, સે-૨, સે-૩, સે-૨૦, સે-૨૧ અને સે-૩૦ની સરકારી શાળાઓમાં ધાણી ખજુરનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાની કાર્યકર્તા બહેનો નીતાબેન ધોકાઈ, ઉષાબેન જી. ઠકકર, ઉર્વશીબેન તન્ના, વર્ષાબેન ઠકકર, મીત્તલબેન ચંદારાણા તથા સીમાબેન ઉદેચાએ જોડાઈ સેવા આપી હતી.

## બીબીએ કોલેજના ૧૨ વિદ્યાર્થીઓનુ સમર ઈન્ટર્નશીપ પ્લેસમેંટ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર સ્થિત કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બીપી.કૉલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન (બીબીએ)ના વિદ્યાર્થીઓની ઈન્ટર્નશીપ માટે કોલેજ ખાતે કાર્યક્રમ યોજાયો હતો જેમાં બીબીએના ૧૯ વિદ્યાર્થીઓએ સહજાનંદ લેસર ટેકનોલોજી કંપનીમાં ઈન્ટરવ્યું આપ્યા હતા જેમાંથી ૧૨ની પસંદગી થઈ હતી.

સમર ઈન્ટર્નશીપ માટે પ્લેસમેન્ટ અને ટ્રેનીંગ કમિટી ના હેડ ડો.જયેશ તન્ના દ્વારા કંપનીને આમંત્રિત કરવામાં આવી હતી તેમજ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને સંકલન કર્યુ હતું. કંપની તરફથી નીલોફર મેડમ (એચ-આર.હેડ ગુજરાત) દ્વારા સંપૂર્ણ સહકાર સાંપડ્યો હતો. તેમજ કંપની તરફથી પ્રસન્ન શુક્લા ટેલેન્ટ એકવેજીશન તેમજ



અપર્ણા અવસ્થી એચ. આર. મેનેજર ને કાર્યક્રમમાં આવકાર્યા હતા તેમજ વિદ્યાર્થીઓને કંપનીના અધિકારીશ્રી દ્વારા ઈન્ટર્નશીપ માટેના મહત્વપૂર્ણ મુદ્દાઓનું માર્ગદર્શન આપ્યું હતું. તેમજ કંપની વિષેની ઉપયોગી માહિતી વિદ્યાર્થીઓને આપવા માં આવી હતી. જેમાં માર્કેટ, ઈન્સ્ટ્રુમેન્ટ, એડમિનિસ્ટ્રેશન, બેક ઓફીસ, આઈ.ટી. વિભાગ, પ્રોડકશન વિભાગ, માર્કેટ વિભાગ બાબતે વિદ્યાર્થીઓને માહિતી આપી હતી. જેમાં તેઓ આગામી ૩૦ દિવસ કાર્ય કરી અનુભવ મેળવશે. વિદ્યાર્થીઓની પ્રી ઈન્ટર્નશિપ તાલીમ દરમ્યાન વિદ્યાર્થીઓને આગામી ૩૦ દિવસમાં તેઓને ઈન્ટર્નશિપ દરમ્યાન જે કાર્ય વિશેષ સોંપવામાં આવે તેના તમામ પાસાઓની સમજ અહીં તાલીમ દરમ્યાન ઊંડાણપૂર્વક વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. ઉપરોક્ત બે દિવસીય તાલીમ શિબિરમાં પ્રેઝન્ટેશન તમજ સોફ્ટસ્કીલ, કમ્યુનીકેશન બાબતે તાલીમ આપવામાં આવી હતી. તમામ વિદ્યાર્થીઓને કંપની તરફથી પ્રમાણપત્ર આપવામાં આવશે.

## સે-૨૧ની સમસ્ત બ્રહ્મસમાજની કારોબારીની રચના માટે ૩૧મીએ બેઠક

ગાંધીનગર, તા.૨૯

સેકટર-૨૧ બ્રહ્મ સમાજની કારોબારીની પુનર્ગઠન માટેની મીટીંગ તા. ૩૧મી માર્ચના રોજ બોરીજ જૈન દેરાસર અક્ષરધામ સામે સવારે સાડા દસ વાગે રાખેલ છે. સમાજની સેવા તથા કારોબારીમાં કામ કરવાની ઈચ્છા ધરાવતા સેકટર-૨૧માં વસતા બ્રાહ્મણ ભાઈ-બહેનોને હાજર રહેવા મંત્રી પી.એ. રાવલે જણાવેલ છે.

## કલાગુર્જરી દ્વારા ૩૧મીએ ભજન સંધ્યા

ગાંધીનગર, તા.૨૯

કલાગુર્જરી સંસ્થા દ્વારા તા. ૩૧ માર્ચના રોજ રાત્રે ૯ થી ૧૨ વાગ્યા સુધી જાણીતા ભજનિક રામસેવકદાસજી અને ભજન મંડળી દ્વારા ભજન સંધ્યા 'ભજન કરે એ જીતે મનવા'નું આયોજન વેસ્ટર્ન બાયોટેક માણસા રોડ રાંધેજા ફાટક પાસેના ફાર્મ હાઉસ ખાતે કરવામાં આવ્યું છે. જે સભ્યો પોતાના વાહનમાં આવી શકે તેમ ના હોય તેમના માટે સાંજે ૭.૩૦ કલાકે ટાઉનહોલથી બસની વ્યવસ્થા કરવામાં આવી છે. કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સંસ્થાના પ્રમુખ એન.પી. પટેલ દ્વારા જણાવાયું છે.

### ચિરવિદાય

- સ્વ. પુરોહિત સુભાષચંદ્ર મોતીરામ, ઉ.વ. ૬૯
- સ્વ. રંજનબેન રમેશચંદ્ર મિસ્ત્રી, ઉ.વ. ૬૩
- સ્વ. ઉદાજી શંકાજી ઠાકોર, ઉ.વ. ૪૫

## બી.એ.પી.એસ દ્વારા વિશ્વ મહિલાદિનની ઉજવણી

ગાંધીનગર, તા.૨૯

બી.એ.પી.એસ સંસ્થા ગાંધીનગર દ્વારા તા.૨૮-૦૩-૧૯, ગુરુવારના રોજ મહિલાઓ-યુવતીઓ અને બાલિકાઓના સંયુક્ત ઉપક્રમે વિશ્વ મહિલા દિની ઉજવણી ટાઉનહોલ, ગાંધીનગર ખાતે કરાઈ હતી.

પ્ર.પૂ. પ્રગટ શ્રી મહંતસ્વામીના આર્શીવાદથી મહિલા સત્સંગ પ્રવૃત્તિ ગાંધીનગર દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ થઈ રહી છે. આ વર્ષે 'જીવન સંતુલનની સાચી દિશા'ના મધ્યવર્તી વિચાર હેઠળ અદ્ભુત સાંસ્કૃતિક કાર્યક્રમો સહિત મહિલા દિન ભવ્ય રીતે ગાંધીનગર ક્ષેત્ર દ્વારા ઉજવાયો હતો. કાર્યક્રમનું મંગલાચરણ ધૂન, પ્રાર્થના અને સ્તુતિથી થયું હતું.

દીપ પ્રાગટ્ય ડો. રાજેશ્રીબેન સ્વામિનારાયણ (ડાયરેકટર ડેપ્યુટી જનરલ મેનેજર અર્બન ડેવલપમેન્ટ કમિશ્નર, ગુજરાત રાજ્ય), દક્ષાબેન શાહ (ડેપ્યુટી જનરલ મેનેજર અને રીઝયોનલ હેડ બેંક ઓફ બરોડા, ગાંધીનગર), નીતાબેન શાહ (રાંદેસણ સ્કૂલના ડાયરેક્ટર), નિરંજનાબેન બ્રહ્મભટ્ટ (ઉત્તર ઝોનના અગ્રેસર, મધ્યસ્થ કાર્યાલય, અમદાવાદ) અને મીનાક્ષીબેન ભાવસારે (ગાંધીનગર ક્ષેત્ર મહિલા સંયોજક) કરી કાર્યક્રમનો શુભારંભ કર્યો હતો.





આમંત્રિત મુખ્ય મહેમાન ડો. રાજેશ્રીબેન સ્વામિનારાયણે પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં ભગવાન સ્વામિનારાયણે મહિલા ઉત્કર્ષ કરી શિક્ષણ, સંસ્કાર અને સત્સંગની વ્યવસ્થામાં ખૂબ ભાર મુક્યો હતો તે જણાવ્યું. નિષ્કુળાનંદ સ્વામીની પંક્તિ ગાન કરી તેમણે સૌને ભગવાનની ભક્તિમાં શૂરવીરપણું રાખવા જણાવ્યું હતું.

ટી.વી., મોબાઈલ અને ઈન્ટરનેટ જેવા આધુનિક પરિબળોએ અનેક સમસ્યાઓ સર્જી છે ને રોજબરોજના સમાચાર માધ્યમોમાં પ્રકાશિત થતા કિસ્સાઓ તેની ગવાહી પૂરે છે જેને પરિણામે અનેક સમસ્યાઓ પણ સર્જાય છે ત્યારે 'જીવન સંતુલનની સાચી દિશા' વિષય પર ગાંધીનગર ક્ષેત્ર-૧ના નિર્દેશિકા મીનાક્ષીબેન પટેલે મનનીય પ્રવચન આપતાં જણાવ્યું કે, આજે પરિવારો તૂટ્યા છે ને પરિવારના સભ્યો એકબીજાથી જોજનો દૂર ધકેલાઈ જાય છે તેના સંતુલન માટે પરમ પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજે પારિવારિક એકતાના ચાર ઉપાયો બતાવ્યા હતા તે રજૂ કર્યા હતા. વચનામૃત્ત દ્વિશતાબ્દી મહોત્સવ નિમિત્તે 'જય હો વચનામૃત્ત....' ગરબો રજૂ થયો ત્યારે ઉપસ્થિત સૌ શબ્દોના નાદ સાથે ઝૂમી ઉઠ્યા હતા. ગાંધીનગર ક્ષેત્રના મહિલા સંયોજક મીનાક્ષીબેન ભાવસારે યોગયજ્ઞના નિયમો સાથે સેવાનું મહત્ત્વ સમજાવ્યું હતું.

કાર્યક્રમમાં વિશેષ સ્વાગત દ્વારે વચનામૃત્ત થીમ યોગીતાબેન દ્વારા આકર્ષિત કરાઈ હતી. મંચ ઉપર દશ્યશ્રાવ્ય માધ્યમ દ્વારા ભક્તિયાત્રાના વિવિધ ફ્લોટ્સની ઝાંખી ગાંધીનગર ક્ષેત્ર-૨ના નિર્દેશિકા અર્ચનાબેન દેસાઈ દ્વારા કરાઈ હતી.

પ્રવક્તા હેતુ અને રીયાએ સમગ્ર કાર્યક્રમને એક માળામાં ગૂંથ્યો હતો. સમગ્ર કાર્યક્રમની આભારવિધિ નીતાબેન રાવલ દ્વારા કરાઈ હતી. પ્રગટ ગુરુહરિ શ્રી મહંત સ્વામીના દિવ્ય આધ્યાત્મિક જીવનના પ્રભાવ અને પ્રેરણાથી જીવન સંતુલનની સાચી દિશા પ્રાપ્ત કરવા સંપ, એકતા અને સુહૃદયભાવથી અદ્ભુત સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવા સૌ કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સુંદર અને સફળ બનાવ્યો હતો. ૧૨૦૦થી પણ વધુ મહિલાઓએ મન ભરીને કાર્યક્રમને માણી ચાર ચાંદ લગાવ્યા હતા.

ગાંધીનગરના સંયોજક સનતભાઈ ચટ્ટોપાધ્યાયે કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ જણાવતાં કહ્યું કે, ''લગભગ વિશ્વના મોટાભાગના શહેરોમાં મહિલા દિન ૮ માર્ચે ઉજવાય છે, પરંતુ બી.એ.પી.એસ મહિલા સત્સંગ પ્રવૃત્તિ કથાવાર્તા સહિતના સત્સંગ કાર્યક્રમો, વિવિધ પ્રોજેક્ટો અને સત્સંગ પ્રચારમાં વ્યસ્ત હોવાને કારણે ૨૮ માર્ચે પ્રતિક આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવી વિશ્વ મહિલા દિનને સાચા અર્થમાં સાર્થક બનાવ્યો છે તે માટે મહિલા-યુવતી-બાલિકાઓએ ઉત્સાહભેર ભાગ લીધો છે અને સફળતામાં સહભાગી બન્યા છે તે સૌનો આભાર માનુ છું.

## ડિવાઈન જૂનિયર ઈન્ટરનેશનલ પ્રિસ્કૂલમાં હેલ્ધી બેબી સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરના સેકટર-૨૧માં આવેલ ડિવાઈન જૂનિયર ઈન્ટરનેશનલ પ્રિસ્કૂલમાં ૫ વર્ષથી નાના બાળકો માટે હેલ્ધી બેબી સ્પર્ધાનું આયોજન ૩૧ માર્ચ ૨૦૧૯, રવિવારના રોજ કરવામાં આવેલ છે. જેમાં લિટલ પ્રિન્સ, લિટલ પ્રિન્સેસ, હેલ્ધી બેબી, સ્માઈલી બેબી, હેલ્ધી હેર બેબી જેવી કેટેગરી રાખવામાં આવેલ છે. આ સાથે ફ્રી હેલ્થ ચેકઅપ તથા સ્પર્ધકોને ગિફ્ટ આપવામાં આવશે.